# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-09-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

1) રાજ્યમાં ઘાસની અછત ધરાવતા વિસ્તારોમાં સબસિડી સાથે રાહતદરે ઘાસ ઉપલબ્ધ કરાવવા સરકારનો નિર્ણય.

2) કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું, સ્વસ્થ નાગરિકો વગર વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવું શક્ય નથી.

3) કેફી પદાર્થના દૂષણને નેસ્તનાબૂદ કરવા દરેક જિલ્લા અને શહેરોમાં સમર્પિત નશાબંધી વિરોધી શાખા કાર્યરત્ કરવા DGPનો આદેશ.

4) **રાજ્યમાં ગત 24 કલાકમાં વિવિધ દુર્ઘટનામાં દસ લોકોના મોત.**

5) રાજ્યમાં મેઘરાજાના આંશિક વિરામ વચ્ચે આગામી 13 તારીખ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી.

----------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GOVT DECISION FOR GRASS

રાજ્ય સરકાર દ્વારા ઘાસની અછત ધરાવતા વિસ્તારોમાં સબસિડી સાથે રાહત દરે ઘાસ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કરાયો. સોશિયલ મીડિયા પર એક વીડિયો સંદેશમાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, આ નિર્ણયથી પોરબંદર, દેવભૂમિદ્વારકા, જામનગર અને કચ્છના પશુપાલકોને સીધો લાભ મળશે. તેમણે કહ્યું, પોરબંદર શહેરમાં કાર્યરત્ કરાયેલા ઘાસ ડેપોમાં પશુપાલક-દીઠ વધુને વધુ પાંચ પશુઓ માટે બે રૂપિયા પ્રતિકિલોના રાહત દરે ઘાસનું વિતરણ શરૂ કરાયું. ઉપરાંત ખેતમજૂરી પર નભતા પરિવારોને 'જી રામ જી' યોજના હેઠળ રોજગારી અપાશે. ચોમાસાની ઋતુ પૂર્ણ થયા બાદ નિયમ મુજબ સરવે અને આનાવારીનું કામ પણ હાથ ધરાશે તેમ શ્રી મોઢવાડિયાએ ઉમેર્યું.

**(BYTE: ARJUN MODHWADIA, FOREST AND ENVIRONMENT MINISTER)**

("પોરબંદર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા ઊભી થાય ભવિષ્યમાં તો એને પહોંચી વળવા માટે મેં રાજ્યના જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રીશ્રી ઈશ્વરસિંહભાઈ પટેલ અને બીજા અધિકારીઓ સાથે મીટિંગ કરી છે અને પીવાનો પાણીનો જથ્થો છે એ ફોદારા અને ખંભાળા ડેમના પાણી ખૂટી જાય એ પછી એમાં કુવાઓ કરીને નર્મદા યોજનાનો પાણી જે છે એનો સપ્લાય વધારીને પીવાના પાણીનો પુરવઠો પણ જળવાઈ રહે એ માટેનું આયોજન કરવામાં આવ્યું છે. અત્યારે હજી ચોમાસાનો સમય પૂરો થયો નથી, પરંતુ આપણે વરસાદ નહીં થાય એમ માનીને આગોતરી તૈયારી કરી લીધી છે.")

# SRT CYCLE RALLY

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે સુરતમાં ફિટ ઇન્ડિયા સન્ડેઝ ઑન સાઈકલની 89-મી આવૃત્તિ અંતર્ગત યોજાયેલી સાઈકલ યાત્રામાં જોડાયા. વરાછા રોડ સ્થિત સરદાર પટેલ ચોકથી યોજાયેલી પાંચ કિલોમીટરની સાયકલ યાત્રામાં શ્રી માંડવિયા સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ જોડાયા. નશામુક્ત યુવા ભારત અભિયાન હેઠળ યોજાયેલી યાત્રામાં શાળાના બાળકો, રમતવીરો સહિત ત્રણ હજારથી વધુ લોકોએ પણ ભાગ લીધો. આ પ્રસંગે શ્રી માંડવિયાએ કહ્યું, સ્વસ્થ નાગરિકો વગર વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવું શક્ય નથી.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, દેશભરમાં યોજાતી આ સાયકલ યાત્રાની આ ઝૂંબેશે જમ્મુ-કશ્મીરથી કન્યાકુમારી સુધીના સમગ્ર દેશને સ્વાસ્થ્યના એક તાંતણે બાંધવાનું કામ કર્યું છે.

# STATE POLICE AGAINST DRUGS

રાજ્યના દરેક જિલ્લા અને શહેરોમાં ડેડિકેટેડ એન્ટી નાર્કોટિક્સ વિન્ગ એટલે કે, સમર્પિત નશાબંધી વિરોધી શાખા કાર્યરત્ કરાશે. કેફી પદાર્થના દૂષણને નેસ્તનાબૂદ કરવા આગામી સાત દિવસમાં આ તમામ એકમ કાર્યરત્ કરી દેવા રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે આદેશ આપ્યા. હાલ દરેક જિલ્લામાં સ્થાનિક ગુના શાખા – LCB, SOG અને સ્થાનિક પોલીસ કેફી પદાર્થ સામે કેસ કરે છે. હવે આ કામ નશાબંધી વિરોધી શાખા દ્વારા કરાશે.

આ એકમમાં એક પોલીસ ઇન્સ્પેક્ટર, એક પોલીસ સબ-ઇન્સ્પેક્ટર, બે આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર- હેડ કૉન્સ્ટેબલ અને ચાર પોલીસ કોન્સ્ટેબલ મળી કુલ આઠ સક્ષમ અધિકારી અને કર્મચારીઓનું મહેકમ રહેશે. આ ટુકડીને અલાયદા વાહન અને ચાલક પણ ફાળવાશે. જ્યારે જિલ્લા કક્ષાએ પોલીસ અધિક્ષકની સીધા દેખરેખ હેઠળ આ એકમ કામ કરશે. અમદાવાદ અને સુરત શહેરમાં 2-2, વડોદરા અને રાજકોટ શહેરમાં એક-એક એકમ જોઈન્ટ-એડિશનલ પોલીસ કમિશનરની દેખરેખ હેઠળ કામ કરશે.

# SRT HARSH SANGHAVI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આગામી વર્ષોમાં રાજ્ય સરકાર દ્વારા તમામ ઉત્કૃષ્ટતા કેન્દ્રને બધી સહાય પૂરી પડાશે તેવી બાંહેધરી આપી. સુરતમાં ડાયનેમિક વૉરિયર માર્શલ આર્ટ્સ અકાદમી દ્વારા યોજાયેલા વૉરિયર્સ શાઈનિંગ સ્ટાર 2025-26 કાર્યક્રમમાં યુવા ખેલાડીઓ સાથેની વાતચીતમાં શ્રી સંઘવીએ આ વાત કહી. તેમણે ખેલાડીઓને સફળતા અને ભાવિ વિજય માટે શુભેચ્છાઓ પણ પાઠવી.

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

("એક સ્ટેપ આગળ લઈ જવા માંગું છું. આજ સેન્ટર ઓફ એક્સિલન્સની અંદર AI બેઝ્ડ ટ્રેનિંગ કઈ રીતે વધી શકે, આજ સેન્ટર ઓફ એક્સિલન્સમાં આપણે સ્પોર્ટસ સાયન્સ કઈ રીતે ડેવલોપ કરી શકીએ, આ બેઉ વિષયમાં આવનારા વર્ષોમાં ગુજરાત ગવર્મેન્ટ તમામ સેન્ટર ઓફ એક્સિલન્સને આના માટે જે સપોર્ટ છે એ સ્ટેટ ગવર્મેન્ટ દ્વારા કરવાની છે.")

# MSN VADNAGAR DAMRU YATRA

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા આજે મહેસાણાના વડનગરમાં યોજાયેલી ડમરૂં યાત્રામાં સહભાગી થયાં. આ યાત્રામાં 108 કલાકારો દ્વારા કરાયેલા ડમરુંનાં ગૂંજારવ અને ભવ્ય સમૂહ ગાનથી સમગ્ર વડનગર નગરી શિવમય બની હતી. આ ભવ્ય યાત્રા અંતે વડનગરના આસ્થાના કેન્દ્ર સમાન શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે સંપન્ન થઈ હતી, જ્યાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ દર્શનનો લ્હાવો લીધો. આ અંગે શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: RIVABA JADEJA, MINISTER OF STATE, PRIMARY , SECONDARY AND ADULT EDUCATION)**

(સૌ નગરજનોએ આ ડમરુ યાત્રામાં ભાગ લીધો અને અલગ અલગ સાત રૂટના માધ્યમથી આ યાત્રા છે એ પ્રારંભ કરવામાં આવી. જ્યારે આજે અંતિમ દિવસે લગભગ દોઢેક કિલોમીટરની આસપાસની આ ડમરુની પદયાત્રા છે એનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ખૂબ સરસ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા અને એક ભવ્યાતિ ભવ્ય પ્રભુના નાદ સાથે હાટકેશ્વર ભગવાનના ચરણોમાં મહાદેવના ચરણોમાં વંદન સાથે આ ડમરુ યાત્રાનું સમાપન કરવામાં આવ્યું.)

# \MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# KTC EARTHQUAKE

કચ્છમાં આજે ભૂકંપના આંચકાઓ અનુભવાયા. બપોરે બે વાગ્યેને 54 મિનિટે આવેલા આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ ધોળાવીરાથી 19 કિલોમીટર દૂર નોંધાયું. જ્યારે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 3.9 માપવામાં આવી હોવાનું ગાંધીનગરની ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થા દ્વારા જણાવાયું.

# PTN ROAD ACCIDENT

રાજ્યમાં ગત 24 કલાકમાં વિવિધ દુર્ઘટનામાં દસ લોકોના મોત થયાના અહેવાલ છે. પાટણમાં ગત મોડી રાત્રે  રાધનપુર-વારાહી માર્ગ પર ઉભેલી ટ્રક સાથે એક કાર ટકરાતા સર્જાયેલા અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા. જ્યારે ચાર ઇજાગ્રસ્ત હાલ ધારપુર મેડિકલ કૉલેજમાં સારવાર હેઠળ છે. આ અંગે રાધનપુર પોલીસે ફરાર ટ્રકના ચાલકની તપાસ હાથ ધરી.

તો, મહેસાણામાં એક તળાવમાં ન્હાવા ગયેલા ત્રણ યુવકના ડૂબી જવાથી મોત થયા. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, કડી પોલીસ અને મહેસાણા અગ્નિશમન દળની ટુકડીએ ઘટનાસ્થળે પહોંચી જોતાણા તાલુકાના સૂરજ ગામના રહેવાસી ત્રણેય મૃતદેહ યુવકના બહાર કાઢ્યા હતા. જ્યારે રાજકોટમાં પડધરી તાલુકાના દહીસરડા આજી ગામ ખાતે પાટવાળા હનુમાન મંદિર પાસે ગઈકાલે ચેકડેમમાં ન્હાવા ગયેલા ચાર બાળકે જીવ ગુમાવ્યા.

# TP SHAHID JAVAN VIRANJALI YATRA

તાપીમાં આજે ભારતીય સેનાના શહીદ વીર જવાન ઋત્વિકકુમાર ચૌધરીની વિરાંજલી યાત્રા યોજાઈ. સોનગઢ તાલુકાના ઉલખડા ગામના રહેવાસી શહીદ જવાન ઋત્વિકકુમાર ચૌધરીની વિરાંજલી યાત્રામાં મોટી સંખ્યામાં લોકોએ જોડાઈ તેમને શ્રદ્ધાંજલિ આપી.

જમ્મુ-કશ્મીરમાં ફોરવર્ડ પોસ્ટ પર ભારતીય સેનાની 57 ફિલ્ડ રેજિમેન્ટમાં ફરજ બજાવનારા ઋત્વિકકુમાર ચૌધરી ત્રણ સપ્ટેમ્બરે નીચે પડી જવાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારબાદ સારવાર દરમિયાન તેઓ વીરગતિને પ્રાપ્ત થયા. તેમના ઉખલડા ગામમાં તેમની અંતિમવિધિ કરવામાં આવી.

# DWK TEMPLE SECURITY

દેવભૂમિદ્વારકામાં દ્વારકાધીશ જગત મંદિરના પ્રતિબંધિત વિસ્તારમાં બનાવેલો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરનારા યુવક સામે પોલીસ કાર્યવાહી હાથ ધરાઈ. પોલીસે આ મામલે ન્યૂઝિલેન્ડમાં રહેતા રાહુલ વસ્ત્રાપરા નામના યુવક સામે ગુનો દાખલ કર્યો છે. નાયબ જિલ્લા પોલીસ વડા સાગર રાઠોડે ભક્તોને મંદિરના સુરક્ષા નિયમોનું પાલન કરવા અપીલ કરી છે.

## (BYTE: SAGAR RATHOD, DYSP)

("આ સદર મંદિર જે છે એ આર્કોલોજી સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા પ્રોટેક્ટેડ મોન્યુમેન્ટની કેટેગરી હેઠળ આવે છે આથી તે પ્રતિબંધિત વિસ્તાર છે ત્યાં કોઈ પણ ફોટોગ્રાફી કે વિડિયોગ્રાફી કરવી નહીં જો આ બાબતે કોઈ ફોટોગ્રાફી કે વિડિયોગ્રાફી કરશે તો એ બાબતે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવશે. ત્યાં તમામ ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ લઈ જવા પણ પ્રોહિબિટેડ વસ્તુ છે તો એ બાબતે પણ તમામ જાહેર જનતાને હું અપીલ કરવા માંગું છું કે આ બાબતે આપ ધ્યાન આપો.")

# EVE WEATHER FORECAST

રાજ્યમાં મેઘરાજાના આંશિક વિરામ વચ્ચે કેટલાક જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળ્યો. દરમિયાન સાંજે છ વાગ્યા સુધીમાં 6 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 75 ટકાથી વધુ નોંધાયો. તેના કારણે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં 90 ટકાથી વધુનો જળસંગ્રહ થયો.

બીજી તરફ, હવામાન વિભાગે આગામી 13 તારીખ સુધી રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. તો, માછીમારો માટે હાલ કોઈ ચેતવણી જાહેર કરવામાં નથી આવી.